જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૯/૨૦૨૫ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૭૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૫૦૭ લીટર દેશી દારૂ, ૩૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૯ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૦૯ બિયર ટીન, ૦૧ કાર અને ૦૧ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૯,૫૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૭૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૨૭૭/૨૦૨૫**

ઘાટલોડિયાઃ જોનીયા રોમીયા મોલસોઇ (ઉ.વ.૨૫)(રહે.આશાપુરીનગર વાઘેશ્વરી સોસાયટી પાછળ સર્વોદય સ્કૂલ) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૯/૨૦૨૫ થી તા.૦૯/૦૯/૨૦૨૫ ના કલાક ૧/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગદીશભાઈ માવજીભાઈ ચલાવે છે.

સરદારનગરઃ રેશમાબહેન વા/ઓ હિતેષભાઈ બજરંગે (ઉ.વ.૪૦)(રહે.રાજધાની ચાલી, ફ્રી કોલોની, છારાનગર, કુબેરનગર) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૮/૨૦૨૫ રાતના ૮/૩૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પોતાના શરીરે પેટ્રોલ છાંટી આગ લગાડતા શરીરે ગંભીર રીતે દાઝી જતા સારવાર અર્થે તેમને કર્ણાવતી સુપર સ્પેશીયાલીટી હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તા.૦૯/૦૯/૨૦૨૫ બપોરના ૧/૨૫ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એલ.ચૌહાણ ચલાવે છે.

શહેરકોટડાઃ નરેશભાઇ જીવણભાઇ ચમાર (ઉ.વ.૩૬)(રહે,આદિત્યનગરના છાપરા અશોકમીલ સામે નરોડા રોડ) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૯/૨૦૨૫ બપોરના ૧/૩૦ થી સાંજના ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કમલેશકુમાર મોહનલાલ ચલાવે છે.

નારોલઃ (૧) સવિતાબહેન વા/ઓ મોહનરામ કોલી (ઉ.વ.૨૩)(રહે.શ્રીરામ ટેનામેન્ટ, મધ્યમવર્ગ સોસાયટી સામે, શાહવાડી નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૯/૨૦૨૫ બપોરના કલાક ૧/૨૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.વ્યાસ ચલાવે છે.

નારોલઃ (૨) ભૂમિ મહેશભાઇ મનસુખભાઇ વાઘેલા (ઉ.વ.૧૯)(રહે.સત્યમનગર જનતાનગરની બાજુમા શાહવાડી, નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૯/૨૦૨૫ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુક સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.વ્યાસ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી